# ગુજરાત જાહેર સેવા આયોગ

Main Answer... મુખ્ય જવાબવહી

(બારકોડ સ્ટીકર અહીં ચોંટાડવું)

ઉમેદવારની સહી

104083823 :ROLL NO
04 :BLOCK
2489 :TICKET NO
1807289 :ANS NO
Subject: GUJARATI(P1)

4/09/2011 15:00

GPSC-2011

| | |
|---|---|
| ...ટ નંબર / Number | 2 4 8 9 |
| ...લ નંબર / Number | 1 0 4 0 8 3 8 2 3 |
| ...દવારનું | હિતેન્દ્રકુમાર આનસંગભાઈ |

પરીક્ષાનું નામ : નાયબ સેક્શન અધિકારી તથા નાયબ મામલતદાર મુખ્ય પરીક્ષા

વિષય : ગુજરાતી

પરીક્ષાની તારીખ : 24/09/2011

| મુખ્ય જવાબવહી | પૂરક જવાબવહી | કુલ |
|---|---|---|
| 1 | + 0 | = 1 |

ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં

GPSC-2011

080060141

| પ્રશ્ન ક્રમાંક | કુલ ગુણ | મેળવેલ ગુણ | પરીક્ષકનું નામ | પરીક્ષકની સહી | મેળવેલ કુલ ગુણ આંકડામાં અને શબ્દમાં |
|---|---|---|---|---|---|
| | 10 | 05 | [redacted] | | 55 |
| | 10 | 04 | | | Fifty Five |
| | 10 | 05 | | | |
| | 10 | 03 | | | |
| | [illegible] | 07 | | | |
| | 10 | 06 | | | |
| | 20 | 19 | | | |
| | 10 | 04 | | | |
| | 100 | 55 | | | |

GPSC

Certified

[redacted]

**અહીંથી ઉત્તર લખવાનું શરુ કરો :**

પ્રશ્ન 7

[ક] ઉન્નતિ = ઉત્ + નતિ
જગદંબા = જગત્ + અંબા

[ખ] લાભાલાભ = લાભ કે અલાભ = દ્વંદ્વ સમાસ
ઘોડાગાડી = ઘોડા વડે ચાલતી ગાડી = મધ્યમ-પદલોપી સમાસ

[ગ] વિપુલ = ભરપુર, પ્રચુર
દીન = ગરીબ, રંક

[ઘ] સાભિમાની = નિરાભિમાની
અનુકૂળતા = પ્રતિકૂળતા
સુવૃષ્ટિ = અનાવૃષ્ટિ 2

[ચ] કીર્તિ, કારકિર્દી, નિમણૂંક 2

[છ] 1) સાચવી રાખવા આપેલી વસ્તુ = સંપેતરું
2) જેનો કોઈ શત્રુ નથી તેવો = અજાતશત્રુ.
3) પગથી માંડીને માથા સુધી = નખશિખ 2

[જ] (1) દુકાળમાં અધિક માસ = મુશ્કેલીઓમાં ઘેરાયેલા હોય એવા સમયે વધુ મુશ્કેલી આવે ત્યારે આ કહેવતનો ઉપયોગ થાય છે. 1

(3) મગનું નામ મરી ન પાડવું = જ્યારે વ્યક્તિ પોતાની વાત પર મક્કમ હોય ત્યારે અથવા કોઈ વ્યક્તિ પોતાની વાતનો જ સાચી ગણાતી હોય ત્યારે આ કહેવતનો ઉપયોગ થાય છે. 1

[ઝ] (1) આંખ લાલ કરવી – ગુસ્સે થવું

વાક્ય :- પુત્રએ પિતા પાસે પૈસાની માંગણી કરતાં પિતાએ આંખ લાલ કરી.

(2) કુળ લજાવવું – કુળનો (ખાનદાન) બદનામ કરવું

વાક્ય :- પાકિસ્તાન સામેના યુદ્ધમાં લશ્કર વિજય

પીછે ઉઈ સ્ત્રીને મગનભાઈએ દૂધ નખ્યું.

(5) મોંમાં આંગળાં નાખવાં – આશ્ચર્યચકિત થવું

વાક્ય:- નેપોલિયનની વીરતા જોઈ અમેરિકાના લોકો મોંમાં આંગળાં નાખવા લાગ્યા.

(3) ખાંડાની ધારે ચાલવું – મુશ્કેલ માર્ગ હોવો

વાક્ય:- સતત સત્ય બોલવું જાણે કે ખાંડાની ધારે ચાલવું.

6

(9)

પ્રશ્ન – 8

Library is an important instrument of geting knowledge. knowledge is necessary for the development of the man's soul, Mind and Wit. There is nothing holy in the world except knowledge. If a lack of knowledge is a darkness, knowledge is the form of lightening. We get this type of knowlege from library, because different type of books are storaged in the library. Books are like a blessing for the educated people. Library remains a medium for the multiput develop-ment of personality. Lots of great persons have developed their personality by using libraries. Library is believed as "The Temple of Democracy" or a great holy place.

6

## પ્રશ્ન – 6

[1] પ્રસ્તુત પંક્તિમાં કવિએ મક્કમ મનના વ્યક્તિની રજૂઆત કરી છે. મક્કમ મનોબળ ધરાવનાર વ્યક્તિ જીવનમાં મોટામાં મોટા અવરોધો પણ ઓળંગી જાય છે. તેના પછીની બે પંક્તિ આ પ્રમાણે છે...

" સંસારીઓ પર શાપ છે સંતાપ સહન કરવાના,
નહિતર ધરાથી ઉપર ઉડનારને પડછાયો પણ નથી નડતો."

(નબળા મનબળ)

વ્યક્તિ આવનાર મુશ્કેલીઓથી ડરી જાય છે અને તેમાંથી બહાર નીકળવાનો રસ્તો તે શોધી શકતો નથી. તે પોતાની શક્તિનો ઉપયોગ કરવાને બદલે હિંમત હારીને મુશ્કેલીની સ્વીકારી લે છે. તેની વિરુદ્ધમાં અડગ મનના માણસો ક્યારેય પણ હાર કબૂલ કરવાને બદલે તેની સામે લડે છે અને હિમાલય જેટલી મોટી આફત પણ તેઓ પાર કરી જાય છે. ઇતિહાસનાં પાનાંમાં મહાપુરુષોના જીવનનાં માત્ર વખાણ નથી, પરંતુ તેમના જીવનની મુશ્કેલીઓ પણ દર્શાવેલી છે. આ તમામ મુશ્કેલીઓ તેમણે પાર કરી છે, આથી જ તેઓ મહાન બની શક્યા છે. જ્યારે ઓછા જ મુશ્કેલીઓથી હારી જનાર કેટલાય લોકો જન્મ લીધા બાદ મૃત્યુ પણ પામ્યા. છતાં આજે તેમને કોઈ ઓળખતું નથી.

"Strong will-power can defeat every difficulty like Himalayas."

[3] પ્રસ્તુત પંક્તિમાં 'વાસુકી'ના ઉપનામથી જાણીતા એવા શ્રી ઉમાશંકર જોશીએ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના વ્યક્ત કરી છે.

માણસ પૃથ્વી પર જન્મે છે ત્યારથી જ 'મારું-મારું' કર્યા કરે છે પણ અંતે મૃત્યુ સમયે કશું જ લેતું જાતું નથી. મહાન સિકંદરે પણ આ વાત વિશ્વ સમક્ષ મૂકી છે. વ્યક્તિ પોતાના સ્વાર્થ ત્યજી અને 'વિશ્વમાનવી' બનવા પ્રયત્ન કરે તો 'વસુધૈવ કુટુંબકમ'ની સંકલ્પના મૂર્તિમંત થઈ શકે. મધર ટેરેસા, મહાત્મા ગાંધી, સિસ્ટર નિવેદિતા, અબ્રાહમ લિંકન વગેરે સંત-મહાત્માઓએ સમગ્ર વિશ્વને એક પરિવાર બનાવવા પ્રયત્ન કરેલો. આથી જ તો તેઓ માત્ર પોતાના દેશ નહિ પણ સમગ્ર વિશ્વમાં ગૌરવાન્વિત થયા. આ ધરતીમાં આપણે જન્મ્યા છીએ અને મોટા થયા છીએ. આપણી જનનીનું ઋણ અદા કરવા માટે પણ 'વિશ્વમાનવી' બનવાની જરૂર છે. વળી, વર્તમાન સમયમાં તો જ્યાં અનેક લોકો પ્રદેશવાદ, ભાષાવાદ, કોમવાદ તથા જાતિવાદને કારણે કે પછી ધાર્મિક અંધશ્રદ્ધાને કારણે રક્તપાત કરી રહ્યા છે ત્યારે કવિશ્રીનો આ 'વિશ્વમાનવી' બનવાનો વિચાર દરેક માનવી અપનાવે તો જ સમગ્ર વિશ્વ એક પરિવાર બની શકે. એવા પરિવાર માટે પ્રભુને પ્રાર્થના.......

[પ્રશ્ન - 5]

"તમારું ભાગ્ય તમારા જ હાથમાં"

"ધરતી કી શાન તુ હૈ મનુ કી સંતાન....
મનુષ્ય તુ બડા મહાન હૈ"

આવી પંક્તિઓ અને એના સમાન અર્થવાળી અનેક પંક્તિઓ આપણે સાંભળીએ છીએ. પણ આ મનુષ્યની મહાનતામાં કેટલાક લોકો જ સમાવેશ પામી શક્યા છે. બધા જ લોકો મહાન બની શક્યા નથી. કારણ એક જ છે કે તેમણે પોતાના ભાગ્યના નિર્માણ માટે જાતે પ્રયત્ન કર્યો છે. બીજા કોઈ પર આશા રાખી નથી.

[illegible] પોતાની શક્તિનો હજુ સુધી પણ પારખી શક્યો નથી: હે માનવી! તું શું ન કરી શકે? આજ પ્રશ્ન આજે છે કારણ કે તેજ આ ઉડતા વિમાન બનાવ્યાં છે અને તેજ તો દરિયાની નીચે ચાલતી સબમરીનો બનાવી છે. તારા જીવનની તમામ સગવડો તેજ નિર્માણ કરી છે. તુ જ ચંદ્ર પર જઈને આવ્યો છે અને તેજ આ દુનિયાને આજે એક ઘર જેટલી નાની બનાવી છે તો પછી તું શા માટે વિચારે છે કે તારાથી આ ન થઈ શકે? તમામ ચમત્કારો તારું નિર્માણ છે હજુ પણ તું ઘણું બધું કરી શકે છે. ગાંધીજી માત્ર વકીલાત કરતા રહ્યા હોત તો દેશના રાષ્ટ્રપિતા ન બની શક્યા હોત. [illegible] માત્ર

કોલેજ અભ્યાસ કરી નોકરી લઈ લીધી હોત તો દેશના અધ્યાત્મનો વિશ્વ ઓળખી શક્યું ન હોત. સુભાષચંદ્ર બોઝ ICSની પરીક્ષા પાસ કર્યા બાદ મળેલ નોકરી છોડી ન હોત તો આજ દેશ એમને વંદન કરતો ન હોત. આવા કેટલાય મહાપુરુષોના જીવન તારી સામે જ છે. તો પછી તું કેમ તારા ભાગ્યનું નિર્માણ ન કરી શકે.

આજ ઓશિયાળું જીવન જીવનાર ક્યારેય ભાગ્યનું નિર્માણ સાચા અર્થમાં કરી શકતા નથી. તારું નસીબ તને સાથ આપે તો જ તું સફળ થાય કે પછી નિષ્ફળ થયા બાદ તું નસીબનો દોષ આપી બેસી જાય તો એ તો નામર્દાઈ છે. દુનિયાની સામે લડનારા ક્યારેય પોતાના ભાગ્યના આધારે બેઠા નથી. એને યાદ રાખજે કે

" कौन कहता है कि किस्मत हाथों कि
लकिरों में होती है ।
खुशनसीब वो भी है जिनके हाथ नहि है ।"

ઉપરોક્ત પંક્તિ પુરુષાર્થનો મહિમા સમજાવે છે. પંડિત ગોવિંદ વલ્લભ પંત સાયમન કમિશનનો વિરોધ કરતાં વિકલાંગ થયા છતાં આઝાદ ભારતના મંત્રીમંડળમાં હતા. એને આજ, પણ પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે. તારા જીવન માટે તું જ કરી શકે. બીજાઓની આશા છોડી અને મુશ્કેલીઓની રડવાનું છોડી તેના પાયામાં પ્રયત્ન ઈંટ આજે જ રોપી દે, ઈમારત તો તું જોઈશ કે કેટલી ગગનચુંબી બની છે. Best of luck નહિ પણ Best of Effort......

ભાગ્યનિર્માણ કરનારા લોકો પણ આજે એ જ કહે છે કે "આપણા ઘડવૈયા બાંધવ આપણે." ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામના શબ્દો . . .

"સપનાં એ નથી જે ઊંઘમાં આવે...
સપનાં એ છે જે પૂરાં કર્યા વિના ઊંઘ ન આવે."

29

[પ્રશ્ન-4]

તા:- 24/09/2011
અમદાવાદ

→ મહિલા સબ-ઇન્સ્પેક્ટરે વાહન ચાલક યુવતીને તમાચો મારતાં મામલો બિચક્યો

આજે સવારે શ્રીમતી રેણુકાબેન કે જેઓ પોલીસ સબ-ઇન્સ્પેક્ટર છે ઇન્કમટેક્સ સર્કલ પાસે વાહનચાલકોના લાયસન્સ તપાસી રહ્યાં હતાં. સવારના 11:00 વાગ્યાના સમયે શ્રીમતી મીનાબેન કે જેઓ નવરંગપુરામાં રહે છે પોતાનાં બાળકોને શાળાએ મૂકી પરત આવતાં હતાં એ વખતે શ્રીમતી રેણુકાબેને તેમને સર્કલ પાસે રોકી તેમની પાસે લાયસન્સની માંગણી કરી. પોલીસ સબ-ઇન્સ્પેક્ટરના જણાવ્યા પ્રમાણે તેમની પાસે લાયસન્સ ન હોવાથી તેમની સ્કૂટીને તેમણે બાજુ પર મૂકી દેવા જણાવ્યું. એ વખતે શ્રીમતી મીનાબેને તેમના ખભા પર હાથ ~~મૂકી લગાવેલી~~ નામની તકતીને જોવા પ્રયત્ન કરતાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે તમાચો મારી દીધો. આ ઘટના બાદ બંને વચ્ચે બોલાચાલી થઈ. અનેક લોકો ત્યાં એકઠા થઈ ગયા. શ્રીમતી મીનાબેને નજીકના થાણામાં શ્રીમતી રેણુકાબેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. અમદાવાદના પોલીસ કમિશ્નર તથા ધારાસભ્ય શ્રી પણ પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા. અંતે થોડાક સમય બાદ બંને વચ્ચે સમાધાન થતાં મામલો થાળે પડ્યો હતો અને ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં જમા થયેલા લોકો પણ વિખેરાયા હતા.

[પ્રશ્ન-3]

અબક,
37, આંબેડકરનગર
અમદાવાદ
તા:- 25/1/'11

પ્રતિ,
તંત્રી શ્રી,
સંદેશ સમાચાર ગુજરાતી,
અમદાવાદ

વિષય:- આપના સમાચારપત્રમાં ચર્ચાપત્ર સામેલ કરવા બાબત

આદરણીય સાહેબ શ્રી,

વર્તમાન સમયમાં માતૃભાષાનું મહત્વ ઓછું થતું જાય છે. અંગ્રેજી તરફનો મોહ માતૃભાષાના વિકાસમાં અવરોધરૂપ બને છે. માતૃભાષા એ વારસામાં મળેલી ભાષા છે. તેમાં વ્યક્તિ પોતાના તમામ ભાવ રજૂ કરે છે પરંતુ આજના માતા-પિતા પોતાના બાળકોને કેજીથી અંગ્રેજી મીડિયમમાં મોકલે છે એ બાળક મોટું થતાં તેને ગુજરાતી આવડતું નથી. માત્ર કેટલાક વ્યવસાયોમાં અંગ્રેજીના ઉપયોગ થતો હોવાના કારણે લોકો માતૃભાષાની અવહેલના કરે છે. પરંતુ જાપાન અને અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ આજે તમામ પ્રકારનું શિક્ષણ માતૃભાષામાં આપવામાં આવે છે. દુનિયાની ક્યાં વાત કરવી આપણા દેશના જ મિસાઇલ ટેક્નોલોજીના પિતા શ્રી એ.પી.જે. કલામ પણ સ્નાતક કક્ષા સુધી માતૃભાષામાં જ ભણ્યા છે છતાં તેઓ દેશના રાષ્ટ્રપતિ

બની શકતા હોય તો માતૃભાષા તમારા વિકાસમાં ક્યાં અવરોધરૂપ છે!!!

હા, દુનિયાની સાથે કદમ મિલાવવા અન્ય ભાષાઓ કે અંગ્રેજી જરૂરી છે, પરંતુ માતૃભાષાના ભોગે નહિ. શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોવી જોઈએ. નહિતર ફરીથી અનેક આંદોલનોમાં જેમ 'માતૃભાષા બચાવો' આંદોલનના દિવસો દૂર નહિ હોય. આપ શ્રી મારા આ મંતવ્યને આપના સમાચારપત્રમાં સ્થાન આપી આભારી કરશો એવી અપેક્ષા સહ.

લિ.

આપનો વિશ્વાસુ

અ.બ.ક

[પ્રશ્ન - 2]

અબક
14, જયવીર બંગલો,
નવરંગપુરા
અમદાવાદ
તા - 24/9/2011

પ્રિય મિત્ર,

તારી બોર્ડની પરીક્ષાનું પરિણામ જાણ્યું. આ વખતે તું તેમાં સફળ ન થઈ શક્યો એ જાણીને મને ખૂબ જ દુઃખ થયું છે. પરંતુ નિરાશ થઈશ નહિ. દરેક વખતે પ્રથમ પ્રયત્ને જ સફળતા મળી જાય એવું હરહંમેશ બનતું નથી. જીવનમાં અનેક નિષ્ફળતાઓ પછી પણ ઘણી વિશેષ સફળ થયેલા લોકો પણ છે. અબ્રાહમ લિંકન તેમાંના એક છે. નિષ્ફળતાથી હારીશ નહિ. એને તારા જીવનની સફળતાની સીડી બનાવ. નિષ્ફળતાનું કારણ શોધીને ફરીથી એ જ ભૂલ ન થાય તે માટે પ્રયત્ન કરજે.

નિરાશ થવાથી સફળ થવાશે નહિ. પરંતુ ફરીથી મક્કમ મને અને સતત મહેનતથી તું સફળ થઈશ એવી મને આશા છે. મારાથી બનતી તમામ મદદ હું તને કરીશ. વિશ્વાસથી પ્રયત્ન કરીશ તો સફળતા આખરે મળશે. તું નિરાશ થયા વિના ફરીથી પોતાની તૈયારીમાં લાગી જઈશ એવી આશા રાખું છું.

તારાં માતા-પિતાને વંદન અને તારી નાની બહેનને મારાં વહાલ.

લિ.
તારો પ્રિયમિત્ર
અબક.

[પ્રશ્ન-૧]

0) નૈતિક શક્તિથી ક્રાંતિ ૯૦

રાજ્યવહીવટની સત્તાથી વધુ કામ ન થઈ શકે. સરકાર તો માત્ર લોકશાહીનું પ્રતિબિંબ છે. બહુમતી ખોટું ઈચ્છે તો સરકાર કાયદાથી સારું નિર્માણ કરી શકતી નથી. દારૂબંધી કે વર્ગવિહીન સમાજરચના પણ નહિ. આપણે સમાજના નવનિર્માણ માટે રાજ્યસત્તાનો ત્યાગ કરી કામ કરીશું અને એમાંથી જ સત્તા મેળવીશું. અકબર રાજ્યસત્તાથી રાજા તો બુદ્ધ રાજ્યસત્તાના ત્યાગથી ક્રાંતિ કરી, નહિંતર એક રાજા જ હોત. ગાંધીજી, ઈશુએ નૈતિક શક્તિથી ક્રાંતિ કરી. સરકાર આ કરી શકે નહિ, એ તો આ શક્તિની અનુગામી છે.

65